

## અરવલ્લી જીવદયા ટ્રસ્ટની પ્રશંસનીય સેવા

આધુનિક યુગમાં પુત્ર પોતાના માતા પિતાને તરછોડી દે છે તેવા સમયે અરવલ્લી જિલ્લામાં નવ રચિત જીવદયા ટ્રસ્ટ અબોલ પશુ પંખીઓની સેવા અને સારવાર કરી પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે. આજનો માનવી સ્વાર્થ માટે જ દુનિયા ઉપર રહેલી જીવ સૃષ્ટિનો ઉપયોગ કરી રહ્યો છે અને જરુરીયાત પુરી થતા ગમે ત્યાં ત્યજી દેતા વાર કરતો નથી અને આનો સૌથી વધારે ભોગ અબોલ પશુઓ જ બનતા રહ્યા છે. આવા જ એક માલિક દ્વારા મૃતપાય હાલતમાં મોડાસા શહેરના ઋષિકેશ સોસાયટી વિસ્તારમાં ગધેડાને તરછોડી દેવાયો હતો.જેની જાણ અરવલ્લી જિલ્લા જીવદયા ટ્રસ્ટના ઉપ્રમુખ નિલેષ જોષીને થતા તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી પશુ તબીબની મદદ લઈ પ્રાથમિક સારવાર આપી હતી. (તસવીર : જય અમીન)

# નવરાત્રી પર્વના આરંભે ગરબા સ્પર્ધાનું સુંદર આયોજન

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી ખેલૈયાઓએ સુંદર રીતે પોતાનો ગરબો રજૂ કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યો હતો.

આદ્ય શક્તિ મા જગદંબાની આરાધનાનું પર્વ એટલે નવરાત્રીનું પર્વ નવ દિવસ સુધી મા ના ભક્તો મા ની આરાધના કરી આશીર્વાદ મેળવે છે. આવા શુભ અવસરના પ્રથમ દિવસે એસ.જી. પ્રાથમિક શાળામાં ગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગ્રીન ગૃપ, યલો ગૃપ, રેડ ગૃપ, ઓરેન્જ ગૃપ અને બ્લ્યૂ ગૃપના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ જુદા જુદા ગરબા ઉપર પોતાનું કૌશલ્ય રજૂ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમની પ્રથમ નંબર, યલો ગૃપનો દ્વિતીય નંબર અને ગ્રીન ગૃપનો તૃતીય નંબર આવ્યો જનશાલીએ પ્રથમ નંબરે અને ધો. ૫-ઈ ની ખુશી ઠાકોર બીજા નંબરે આવી બાળકોના કૌશલ્યને બિરદાવ્યુ હતુ. આ પ્રસંગે પ્રથમ સત્ર દરમિયાન જે



શરૂઆત શાળાના આચાર્યા અને શિક્ષકો દ્વારા આરતી ઉતારીને કરવામાં આવી હતી. જુદા જુદા ગૃપ્સના ખેલૈયાઓમાં રેડ ગૃપનું સુંદર પ્રદર્શન રહ્યું હતું. સમગ્ર સ્પર્ધામાં રેડ ગૃપનો હતો. ગરબા સ્પર્ધામાં ધોરણ-૭-એ નો વિદ્યાર્થી પ્રિયાંશ ત્રિવેદી બેસ્ટ ખેલૈયામાં પ્રથમ નંબરે આવ્યો હતો. અને ધો. ૮-ડી ની આયુશે બીજા નંબરે વિજેતા બની હતી. વેશભૂષામાં વિદીત હતી. સમગ્ર સ્પર્ધામાં સુખરામ ચૌધરી, નેહલબેન દવેએ સુંદર કામગીરી સંભાળી હતી તથા સમગ્ર સ્પર્ધામાં શ્વેતલબેન અને નેહલબેને નિર્ણાયક તરીકેની તટસ્થ ભૂમિકા અદા કરી વિદ્યાર્થીઓએ વીજ બચત, સફાઈ, પ્રામાણિકતા, નિયમિતતા માં સૌથી વધુ સુંદર કામગીરી કરી હતી તેવા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## હિંમતપુરામાં ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૫

ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે વિજાપુર તાલુકાના ભીમપુરા અને માણસા તાલુકાના હિંમતપુરા ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં ભારતીય માનક બ્યૂરો અમદાવાદના ડાયરેક્ટર, રોશનલાલ અને આસિસ્ટંટ ડાયરેક્ટર વિક્રાંત અને સાહિલ ખત્રીએ હાજર રહીને આઈ.એસ.આઈ. માર્કો શુ છે તથા તે માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તેના વિશે વિસ્તૃતમાં માહિતી આપી સમજણ આપી હતી.

આ કાર્યક્રમમાં પંચાયતના સરપંચો પ્રહલાદભાઈ પટેલ, અમિતાબેન ચૌધરી, આચાર્યા કમુબેન ચૌધરી સહિત આંગણવાડી કાર્યકર વગેરે મહિલાઓ હાજર રહી હતી. ઉપરાંત ગ્રાહક હિત સુરક્ષા મંડળની કામગીરી વિશે તેમજ ગ્રાહક સુરક્ષા કાયદાની વિસ્તૃત માહિતી પ્રમુખ નટુભાઈ બારોટે આપી હતી.

# ચિલોડામાં વીજ બીલ કલેકશન માટે ઓટોમોટીક મશીન મુકાતા ગ્રાહકોમાં રાહતની લાગણી

### કલાકો સુધી લાંબી કતારોમાં હવે ઉભા નહીં રહેવું પડે : સિનિયર સીટીઝનો અને મહિલાઓને રાહત મળશે

ચિલોડા, તા.૨૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ઘર વપરાશના બીલો ભરવા માટે ગ્રાહકોને પડતી અગવડોથી મુકિત મળે તે હેતુથી ઈલેક્ટ્રોનિક મશીન લગાડવામાં આવ્યું છે. આ મશીનના કારણે બીલોનું ચુકવણું ઝડપથી થતાં ગ્રાહકોમાં આનંદ સાથે રાહતની લાગણી પ્રવર્તી રહી છે.

સમગ્ર રાજય હવે દિન પ્રતિદિન ઈલેક્ટ્રોનિક ટેકનોલોજીની સુવિધાઓથી સજ્જ થતું જાય છે ત્યારે ચિલોડા ખાતે યુજીવીસીએલ દ્વારા બીલ કલેકશન માટે મુકવામાં આવેલું એટીએમ મશીન જેવો આકાર ધરાવતા ઓટોમેટીક મશીનના કારણે ગ્રાહકોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.અગાઉ પણ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા બીલ બનાવવામાં ઈલેક્ટ્રોનીક કેમેરા પધ્ધતિનો ઉપયોગ ચાલુ કરાયો છે. અને હવે આ કંપની દ્વારા બીલ કલેકશન માટે પણ ઈલેક્ટ્રોનિક મશીન મુકાયું છે. જેના કારણે ગ્રાહકોને બીલ ભરવામાં સરળતા રહે છે અને તેમના સમયની બચત પણ થાય છે. આ મશીનના કારણે ગ્રાહકોને લાંબી લચક લાઈનો અને કંટાળાજનક પરિસ્થિતિમાંથી છુટકારો અપાવશે. લાંબી કતારોમાં કલાકો સુધી હવે લોકોને કલાકો સુધી પ્રતિક્ષા નહી કરવી પડે અને ઝડપથી બીલનું ચુવકણું કરી શકાશે. આ કારણે સિનિયર સીટીઝન્સ અને મહિલાઓમાં સૌથી વધુ રાહતની લાગણી પ્રવર્તી રહી છે.

# પાલનપુરની આંગણવાડી કેન્દ્રોમાં રસોઈ શો-કુપોષિત બાળકોને કરાયું લાડુનું વિતરણ

### પાલનપુર ઘટક-૧માં પાલનપુર-૨ સેજામાં યોજાયેલા રસોઈ-શોમાં ૩૫ વાનગીઓનું કરાયું નિર્દશન

સમાજમાં ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોના સ્વાસ્થ્યની ચિંતા સાથે તેઓને ગમ્મત સાથે જ્ઞાન પીરસી કુપોષિત બાળકો અને કુપોષિત અન્વયે પાલનપુર ઘટક-૧ના પાલનપુર સેજા-૨માં એસ.એન.કોઠારી પ્રાથમિક શાળામાં તાજેતરમાં રસોઈ-શોનું આયોજન કરાયુંહતું. જેમાં આંગણવાડી દવે, ઘટક-૧ના ટી.ડી.ઓ વસંતભાઈ સોલંકી, પાલનપુરના મહીલા બાળ વિકાસ અધિકારી શશીબેન બ્રહમભટ્ટની હાજરીમાં ઘટક-૧ના તમામ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

માતાઓની સેવાર્થે કાર્યરત આંગણવાડી બહેનો ધ્વારા તાજેતરમાં રસોઈ-શો અને ખજુરના લાડુંનુંવિતરણ કરવામાંઆવ્યું હતું. આઈ.સી.ડી.એસ. યોજના બહેનો ધ્વારા ૩૦ થી ૩૫ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

પ્રાંત અધિકારી જે.બી.દેસાઈ, જીલ્લા પ્રોગામ ઓફીસર આરતીબેન સુપરવાઈઝરોની હાજરીમાં રક્ષાબેન કણઝરીયાના માર્ગદર્શન તળે આંગણવાડી બહેનોએ રસોઈ-શોનું સફતાપુર્વક આયોજન કર્યું હતું.

આંગણવાડી બહેનો દ્વારા દાનમાં મળેલી ખજુર, શિંગ, ટોપરાની છીણ સહીતની ચીજવસ્તુઓમાંથી લાડુ બનાવવામાં આવ્યા હતા. જે ખજુરના લાડુ, મગ, ચણા, ગોળ, પ્રોટીનએક્ષ સહીતની ચીજ-વસ્તુઓનુંપાલનપુર સેજા-૨ની તમામ બહેનો ધ્વારા કુપોષિત અને અતિકુપોષિત બાળકોનેવિતરણ કરવામાં આવ્યુંહતું. જયારે કુપોષિત અને અતિ કુપોષિત બાળકો સહીત માતાઓને પણ ભોજન આપવામાં આવ્યું હતું. આંગણવાડી ઘટક-૧ના સી.ડી.પી.ઓ શશીબેન બ્રહ્મભટ્ટ અને સુપરવાઈઝર રક્ષાબેન કણઝરીયાના માર્ગદર્શન તળે આંગણવાડીબહેનોએસરકારના પ્રજાલક્ષી કલ્યાણકારી અભિગમ મુજબ કુપોષિત અનેઅતિકુપોષિત બાળકોઅનેમાતાઓ માટેના સેવાપ્રકલ્પનેસફળ બનાવ્યોહતો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગુજરાત અને સમગ્ર દેશને સ્વચ્છ, સુંદર બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિરાટ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત તા. ૨૫ સપ્ટેમ્બરથી પ્રી લોન્ચ અને પૂ. ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે તા. ૨ જી ઓક્ટોબરથી આ સ્વચ્છ ભારત અભિયાનનો વિધિવત પ્રારંભ થશે. તસવીરમાં જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. પટેલ સ્વચ્છતા રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી રહ્યા છે. આ રથ પ્રથમ દાંતીવાડા તાલુકાના ગામોમાં અને ત્યાર બાદ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અંગેની લોકજાગૃતિ વધારવા પરિભ્રમણ કરશે.

## ધો-૩ અને ૪માં પ્રથમ વખત લેખિત પરીક્ષા લેવાનો નિર્ણય

અમદાવાદ, તા.૨૫

ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા ધોરણ-૩ અને ૪માં પ્રથમ વખત લેખીત પરીક્ષા પધ્ધતિ દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો અમલ આગામી ૭ થી ૧૦ દરમિાન યોજાનાર પરીક્ષાથી કરવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ વિભાગનો દાવો છે કે આ પરીક્ષાથી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરી શકશે તેમજ તેમનામાં અભ્યાસ પ્રત્યેની ગંભીરતા વધશે.


## ૨૬માં યુવક મહોત્સવમાં પ્રાંતિજ કોલેજનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા આયોજિત ૨૬મા યુવક મહોત્સવમાં એકાંકી સ્પર્ધામાં મીતા બાપોદરા લેખિત અને મહેન્દ્ર પ્રજાપતિ દિગ્દર્શિત ‘સ્વપ્ર’ નાટકે સમગ્ર યુનિ.માં પ્રાંતિજની એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજે પ્રથમ સ્થાન મેળવી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રાંતિજ કોલેજનું નામ રોશન કર્યું છે. યુવક મહોત્સવમાં ૧૧૮ કોલેજોએ અને ૨૦૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પ્રાંતિજ કોલેજે અગાઉ પણ યુનિવર્સિટી યુવક મહોત્સવમાં એકાંકી સ્પર્ધામાં સાત વખત પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ટીમ મેનેજમેન્ટ અને સહાયક તરીકે પ્રા. રાજુભાઈ પંચાલે ઉત્તમ કામગીરી કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. સંસ્થાના પ્રિન્સીપાલ ડૉ. કે.આર. પ્રસાદે સમગ્ર વિદ્યાર્થીઓને આ સ્થાન પ્રાપ્ત કરનાર દરેક કલાકારોને અભિનંદન આપી અને વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ અને પુરસ્કાર કોલેજ દ્વારા અલગથી આપી સન્માનીત કરવામાં આવશે જેની જાહેરાત કરી હતી. ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિએ પણ કોલેજના નાટય કલાકારોને અભિનંદન આપી આગામી નવરાત્રી મહોત્સવના પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબરે આવનારા વિદ્યાર્થીઓને પોતાના તરફથી પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી.



રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના સંયુક્ત ઉપક્રમે ખેડબ્રહ્મા બ્રાન્ચમાં નવરાત્રી નિમિત્તે વેપારી ઓમાટે પરચૂરણ વિતરણનો કાર્યક્રમ ગુરૂવારના રોજ યોજાયો હતો. આ પ્રસંગે બ્રાન્ચ મેનેજર હરીશ બી. કોઠારી, મહેન્દ્રભાઈ ત્રિવેદી, વિવેક પટેલ સહિત સ્ટાફ દ્વારા પરચૂરણ વિતરણ કરવામાં આવી હતી. આ માટે મોટી સંખ્યામાં વેપારીઓએ લાભ લીધો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## શબ્દાવલી - ૫૫૧૫



### આડી ચાવી

૧. ઘણા માણસો... પૈસે જ દિવાળી કરે (૩)
૩. ધર્મશાળા, રામરોટી જેવી સેવા (૪)
૭. પુંછડી, ઘોડે જૈસી ચાલ-હાથી જૈસી... (૨)
૯. સબાકા મારવા, ... મારવા(૩)
૧૦. .. કરવી, શોક પ્રદર્શિત કરવા જવું (૫)
૧૧. વાગેલા ઘામાં ધીરે-ધીરે... આપે (૨)
૧૨. કસમ, સોગંદ (૨)
૧૪. ... ઝરવા, ચકમક થવી(૩)
૧૬. કારણ (૪)
૧૮. તાર વગર અવાજ દૂર સંભળાવવાનું યંત્ર (૩)
૧૯. ભરવાડોના ઝૂંડપાઓનો સમુહ(૨)
૨૦. દુનિયા, વિસ્તાર, જગત(૩)
૨૧. જોમ, જુસ્સો (૨)

### ઊભી ચાવી

૧. રામાયણમાં ભરતે રામની... ગાદી પર રાખી ચૌદ વરસ રાજ કર્યું (૩)
૨. વેરણછેરણ (૬)
૪. નોકર, ચાકર (૨)
૫. ઘા, જખમ (૨)
૬. માંગ, ચાંપતી ઉઘરાણી(૩)
૮. કારણ વિના (૪)
૧૧. ભારતીય ચલણી નાણું (૩)
૧૨. એત ઓમકાર..., સાચું નામ (૪)
૧૩. ઉપવાસ (૪)
૧૫. ખજુર સુકાય એટલે... બને (૩)
૧૬. અખતરો (૩)
૧૭. માતા, જનની (૩)

### શબ્દાવલી ૫૫૧૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) આમ જનતા (૫) પાડ (૬) વાજ (૭) ભરથાર (૯) ગલકા (૧૨) ઉકળાટ (૧૩) અનુમાન (૧૬) આપ (૧૭) રજા (૧૮) ખળભળાટ (૨૦) જણશ

**ઊભી ચાવી :-** (૧) આવાગમન (૨) મજલ (૩) નભ (૪) તાર (૫) પાર (૮) થાનક (૧૦) કામધેનુ (૧૧) શટરપટર (૧૩) અજાણ (૧૪) માખ (૧૫) નળ (૧૬) આળા (૧૭) રજ (૧૯) ભય

# પ્રાંતિજમાં નગરપાલિકાના સફાઈ કામદારો સતત બીજા દિવસે કામથી દૂર રહ્યા

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજમાં નગરપાલિકા સફાઈ કામદારો તથા કર્મચારીઓના કર્મચારીઓ સાથે અન્યાય થતા ગત રોજ બુધવારથી આ કર્મચારીઓ સફાઈ કામથી અળગા રહ્યા હતા. સૂત્રોચ્ચારો કર્યા હતા. શહેરમાં સફાઈ ન થતા અને ઠેર ઠેર ઘન કચરાનો કોઈ નિકાલ ન થતા રહિશો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પડતર પ્રશ્નોનો નિકાલ ન આવતા સતત બીજા દિવસે પણ કામથી અળગા રહ્યા હતા. જેથી સમગ્ર પ્રાંતિજમાં ઠેર-ઠેર ઘન કચરાનો જમાવડો થયો છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સફાઈ કામદારો તથા આરોગ્ય જ્યારે નગરપાલિકા સત્તાધિશો પહેલા દિવસે પાલિકા પ્રમુખ સાથે વાર્તા ચિત્ર પછી કોઈ નિકાલ ન આવતા ૬૦ જેટલા સફાઈ કામદારો પાલિકાતંત્રના સામે સતત બીજા દિવસે પણ તંબુ તાણી પલાઠો વાળીને બેસી ગયા છે અને પાલિકા વિરૂદ્ધ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. તહેવાર ટાણે જ ગંદકીના ઢગ ઉભા થશે અને તહેવારોમાં જ ગંદકીના ઢગથી બિમારીના ઘર પેદા થશે પરિણામે સત્તાધિશો દ્વારા ઝડપથી કોઈ નિર્ણય લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## વિપક્ષની માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારે હકારાત્મક વલણ દાખવાનું હોય છે. જેના બદલે હાલની અને આ પહેલાની સરકાર પ્રજાના પ્રશ્નોની વિધાનસભામાં વધુ ચર્ચા થાય તેવું વલણ દર્શાવતી નથી તેનું દુઃખ છે.

તેમણે જણાવ્યું હતું કે ધારાસભ્યો એ પ્રજાના પ્રતિનિધિઓ છે. એટલા માટે એને કેટલાક બંધારણીય અધિકારો મળેલા છે. જે અધિકારોનો ઉપયોગ કરી વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે તેમાં પ્રજાના પ્રશ્નો રજુ કરી તેને વાચા આપતા હોય છે. ગૃહમાં છેલ્લા દિવસે મુકાતા કેગના રિપોર્ટના આધાર લઈને પણ કોઈ ચર્ચા થતી નથી તો આગામી સત્રમાં આ અંગે પણ ચર્ચા કરવાનો અવકાશ રહે તે જરુરી છે. આથી વિપક્ષની માંગણી છે કે આ સત્ર એક દિવસના બદલે એક સપ્તાહ માટે બોલાવવામાં આવે.

અંતમાં મંગળયાન મંગળ ગ્રહની કક્ષામાં પ્રથમ પ્રયત્ને જ સફળતાપૂર્વક સ્થાપિત કરીને ભારત દેશે ઈતહાસ રચ્યો છે જે માટે દેશના ખગોળ વૈજ્ઞાનિકો અને ઈસરોની સમગ્ર ટીમને વર્ષોની મહેનત બાદ મળેલ આ સફળતા બદલ વિપક્ષી નેતા શંકરસિંહે અભિનંદન પાઠવ્યા હતાં.

## નવરાત્રિ કાઉન્ટ ડાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભરતભાઈ કે. શાસ્ત્રીના જણાવ્યા અનુસાર માં જગદંબાની અસીમ કૃપા પ્રાપ્ત કરવા નવરાત્રી વ્રત ભગવાન વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા અને સ્વર્ગમાં રહેલા ઈન્દ્રએ પણ કરેલું હતુ અને આપણા ઋષિમુનિઓ, વિશ્વામિત્ર, ભૃગુ, વશિષ્ટ, કશ્યપ, ગુરુ, બૃહસ્પતિ એ પણ આ વ્રત કરી માંની કૃપા મેળવી છે. આમ સદૈવ શ્રેષ્ઠ વ્રત અને માતૃશકિતનો સૌ કોઈ લાભ લઈ ઉત્તમ ફળ પ્રાપ્ત કરે તેવી નવરાત્રીનાં આ પર્વની મહત્વતા રહેલી છે.

## જાહેર નિવિદા

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગાંધીનગર**

વહીવટી સંચાલક ગુજરાત માર્ગ વિકાસ નિગમ લિ. ગાંધીનગરની કચેરીના ઉપયોગ માટે નમૂના મુજબના બાંધકામને લગતા પ્રિન્ટેડ રજીસ્ટર્સ પુરા પાડવા આ કામ કરતી સંસ્થા પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના કોરા ભાવપત્રકો અત્રેની કચેરીએથી નિચે પ્રમાણેના દસ્તાવેજો રજૂ કરેથી ઈસ્યુ કરવામાં આવશે.

(૧) સંસ્થાનું નોંધણી પ્રમાણપત્ર
(૨) પાન કાર્ડની નકલ
(૩) સેલટેક્ષ / વેટના નોંધણીનું પ્રમાણપત્ર

રૂ. ૩૦૦/- (નોન રીફંડેબલ) રોકડા ભરવાથી લેટર પેડ પર અરજી કર્યેથી કોરું ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૭/૧૦/૨૦૧૪ રાખવામાં આવેલ છે જ્યારે ભરેલ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૧૪/૧૦/૨૦૧૪ સુધી રજી. પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર ઉપર ‘પ્રિન્ટેડ રજીસ્ટર્સ પુરા પાડવાના ભાવ’ એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. આવેલ ભાવો શક્ય હશે તો તા. ૧૫/૧૦/૨૦૧૪ના રોજ ૧૧.૦૦ કલાકે હાજર રહેલ એજન્સી સમક્ષ રૂબરૂ ખોલવામાં આવશે.

જનરલ મેનેજર (પ્રો.)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫ માહિતી/૧૩૦૮/૨૦૧૪-૧૫